


અંક-૨
ખંડ-૯
સપ્ટેમ્બર ૨૦૧૯

કૃષિ ઉત્પાદન અને

# બજાર દર્શન

કૃષિ ઉદય...

## આરસીઈપીમાં પ્રસ્તાવિત પરિવર્તનને કારણે ભારતના ડેરી ઉદ્યોગને ફટકો

મિલિન્દો ચક્રબર્તી



આ લોકો શું કરશે? સસ્તાદૂધની આયાત કરવા જેવી નથી.

પ્રસ્તાવિત આરસીઈપી (રીજનલ કોમ્પ્રેહેન્સિવ ઇકનોમિક પાર્ટનરશિપ) હેઠળ ન્યુઝિલેન્ડ અને ઓસ્ટ્રેલિયા માટે આયાત અવરોધો ઘટાડવાથી ભારતના દૂધ ઉદ્યોગને નુકસાન કરનારી સાબિત થશે.

ડેરી ઉદ્યોગ લાખો ગ્રામીણ પરિવારોનો આવકનો એક ગૌણ સ્ત્રોત છે અને ખાસ કરીને તે સીમાંત ખેડૂતો અને મહિલા ખેડૂતો માટે રોજગારી અને આવક ઉભી કરવાની તકો પૂરી

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી
માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક
મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર
સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ
સંપાદક :
ડૉ. હેમંત શર્મા
વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા
પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail:
director.aerc@gmail.com
website:
www.aercspu.ac.in

પાડીને સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા ભારતીય અર્થતંત્રમાં ભજવી રહી છે. મોટા ભાગે સીમાંત અને નાના ખેડૂતો અને ભૂમિહીન મજૂરો પ્રાણીઓ ઉછેરથી દૂધ ઉત્પાદન પ્રવૃતિમાં રોકાયેલા છે. ભારતમાં ૭૫ મિલિયન કરતાં વધુ કુટુંબો ડેરીની પ્રવૃતિમાં સંકળાયેલ છે, જ્યારે માર્ચ ૨૦૧૪ સુધી ૧૫.૪ મિલિયન (૨૦ ટકા કરતાં વધુ) લોકોને ૧૬૦૦૦ જેટલી પ્રાથમિક ગ્રામીણ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ હેઠળ આવરી લીધેલ છે. વિશ્વમાં દૂધ ઉત્પાદનમાં ભારત પ્રથમ ક્રમે આવે છે, કે જે ૧૯૫૦-૫૧ માં ૧૭ મિલિયન ટન દૂધ ઉત્પાદન હતું તે ૨૦૧૪-૧૫માં ૧૪૬ લાખ ટન થયુ હતુ. રાષ્ટ્રીય કુલ દૂધ ઉત્પાદનમાં ૭૦ ટકા હિસ્સો મુખ્ય આઠ દૂધ ઉત્પાદક રાજ્યો નામે ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, આંધ્ર પ્રદેશ, ગુજરાત, પંજાબ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને હરિયાણા ધરાવે છે. દૂધાળાં પ્રાણીઓની ગુણવત્તા અને દૂધ ઉત્પાદનની દ્રષ્ટિએ ગુજરાત અગ્રણી રાજ્ય છે. ગુજરાતની ગીર, કાંકરેજ ગાય, મહેસાણી, સુરતી, જાફરાબાદી અને બન્ની ભેંસ જેવા પશુધનની આગળ પડતી જાતિઓ છે કે જે ઊંચી દૂધ ઉત્પાદકતા ધરાવે છે. ભારતમાં કુલ ઉત્પાદન દ્રષ્ટિએ માત્ર ગુજરાતે ૨૦૧૪-૧૫માં ૧૧૬.૯૧ લાખ ટન દૂધનું ઉત્પાદન કરેલ જે ૮.૦૦ ટકા સાથે દેશના દૂધ ઉત્પાદનમાં ચોથો ક્રમ ધરાવેલ છે.

ડેરી ઉદ્યોગ ગ્રામીણ ભારતમાં માત્ર આજીવિકા જ નથી, ખાસ કરીને દેશના શુષ્ક અને અર્ધ-શુષ્ક વિસ્તારો, ગુજરાત અને રાજસ્થાન જેવા રાજ્યોમાં તે એક મુખ્ય આર્થિક પ્રવૃત્તિનો ગૌણ સ્રોત છે. આ ક્ષેત્રએ દેશમાં રોજગારીના સર્જન પર નોંધપાત્ર અસર કરી છે.

લાઓસ ખાતે આરસીઈપી પર તાજેતરમાં જ પૂરા થયેલા મંત્રી સ્તરીય સમ્મેલન દરમિયાન ભારતે સત્તાવાર રીતે આયાત પર લાગતી જકાતમાં ઘટાડો કરવા માટે એક સમાન માપદંડ ધ્યાનમાં લેવા માટે તૈયાર છે એ સ્પષ્ટ કર્યુ. જકાતમાં ઘટાડો કરવા માટે ભારતે અગાઉ અપનાવેલા ત્રણ સ્તરીય અભિગમથી આ દરખાસ્ત સાવ જુદી છે. આ પરિવર્તન સ્વીકારવાના બદલામાં ભારત પોતે જેમાં આરસીઈપીના અન્ય સભ્યોની તુલનાએ દેખીતી રીતે જ સબળ સ્થિતિમાં છે એવી ૧૨૦ સેવાઓ પૂરી પાડવામાં ઉદારીકરણ અપનાવાય એમ ઈચ્છા રાખે છે.

## ત્રણ સ્તરીય અભિગમનો ત્યાગ

જકાતસૂચિમાં આવતી વસ્તુઓની સંખ્યામાં ઘટાડો કરવા માટે ભારતે અગાઉ સૂચવેલો ત્રણ સ્તરીય અભિગમ આરસીઈપીના ૧૫ સભ્યોને ત્રણ જૂથોમાં વિભાજિત કરતો હતો. પહેલું જૂથ એશિયન વર્તમાન સભ્યોનું છે. આ જૂથના ત્રણ સભ્યો કંબોડિયા, પ્રજાસત્તાકલાઓ અને મ્યાનમાર વિશ્વબેન્કના વર્ગીકરણ પ્રમાણે નીચી આવક ધરાવતા દેશો ગણવામાં આવે છે.

એશિયન દેશો ઉપરાંત ભારત સાથે જેમના મુક્ત વેપાર કરાર (એફટીએ) છે એ જાપાન અને કોરિયાનો સમાવેશ બીજા જૂથમાં થાય છે. ત્રીજું જૂથ ઑસ્ટ્રેલિયા, ન્યુઝિલેન્ડ, અને ચીનનું છે. આ ત્રણે દેશોનો એશિયન દેશો સાથે મુક્ત વેપાર કરાર છે પરંતુ ભારત સાથે એમણે આવા કરાર હજી સુધી કર્યા નથી.

જકાત સૂચિ એ એવી વસ્તુઓની વિગતવાર સૂચિ છે જેની આયાત ઉપર વિવિધ વેરા લાગતા હોય છે. ભારતે પહેલા જૂથ સાથેની જકાતસૂચિમાં પારસ્પરિક ધોરણે ૮૦ ટકા ઘટાડો કરવાની દરખાસ્ત કરી છે. આ દરખાસ્ત પ્રમાણે ૮૦ ટકામાંથી ૬૫ ટકા ઘટાડો એકવાર આરસીઈપી અસ્તિત્વમાં આવે કે તરતજ અને બાકીનો ઘટાડો ૧૦વર્ષના સમયગાળામાં ક્રમશઃ અમલમાં આવે એવી વ્યવસ્થા છે. બીજા અને ત્રીજા જૂથના દેશો માટે સૂચિત ઘટાડો અનુક્રમે ૬૫ ટકા અને ૪૨.૫ ટકા છે જે તબક્કાવાર કરવામાં આવશે.

## ડેરી ઉદ્યોગ પર અસર

આ ફેરફાર ભારતીય ડેરી ઉદ્યોગના સંદર્ભમાં એક મહત્વપૂર્ણ મુદ્દો સામે લાવે છે. જ્યાં સુધી ભારતે કરેલી દરખાસ્ત ઑસ્ટ્રેલિયા, ન્યુઝિલેન્ડ, અને ચીન માટે જુદા જુદા દરે અને બને એટલી ઓછી વસ્તુઓ પૂરતી મર્યાદિત હોય ત્યાં સુધી આપણા ડેરી ઉદ્યોગ માટે મોટો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ન્યુઝિલેન્ડ અને ઓસ્ટ્રેલિયા વિશ્વમાં દૂધ અને અન્ય ડેરી ઉત્પાદનોની નિકાસ કરવામાં મોખરે છે અને બંને વૈશ્વિક સ્તરે અન્ય દેશોની તુલનાએ ઘણા વધુ લાભ ભોગવે છે.

ન્યુઝિલેન્ડે ૨૦૧૩માં ૫૦૦ થી ઉપરનો સ્વનિર્ભરતા સૂચિ આંક મેળવ્યો હતો, જે દર્શાવે છે કે ત્યાં ડેરી ઉત્પાદનોના પાંચ એકમો પૈકી માત્ર એક એકમ સ્થાનિક વપરાશ માટે ઉપયોગમાં આવ્યો હતો. ન્યૂઝિલેન્ડ માટે બાકીનાં ઉત્પાદનોની નિકાસ કરવી જરૂરી છે. એમ ન થાય તો બાકીના ઉત્પાદનનો ભરાવો થાય અને ભવિષ્યમાં ડેરી ઉત્પાદનોના ભાવ અને ડેરી ઉદ્યોગની સંગ્રહક્ષમતા પર સીધી અસર થાય, જે છેવટે ત્યાંના અર્થતંત્ર ઉપર અસર કરે.

ઓસ્ટ્રેલિયાનો સ્વનિર્ભરતા સૂચિ આંક ૧૨૭ હતો જે સૂચવે છે કે સ્થાનિક વપરાશની જરૂર કરતાં થયેલાં ડેરી ઉત્પાદનો નોંધપાત્ર રીતે હજી પણ વધુ છે. બીજી બાજુ, એ જ સૂચિઆંક ચીન માટે અંદાજે ૮૧ રહ્યો હતો. એનો અર્થ એ છે કે હજી ચીનના આંતરિક વપરાશની જરૂરીયાતની સરખામણીમાં ત્યાંનાં સ્થાનિક ઉત્પાદનમાં નોંધપાત્ર ખાધ રહી છે.

આરસીઈપીના બાકીના સભ્યો હજુ સુધી દૂધ અને દૂધ ઉત્પાદનો માટે આત્મનિર્ભર બન્યા નથી. ભારત દ્વારા આરસીઈપી તમામ સભ્યો માટે જકાત સૂચિ સન્દર્ભે પ્રસ્તાવિત સમાન નીતિ દૂરગામી દષ્ટિએ ભારતીય દૂધ ઉત્પાદકો માટે

ન્યુઝિલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સાથે ડેરી ક્ષેત્રે ભારે સ્પર્ધાત્મક દબાણનો સામનો કરવા ઘણી મોટી શક્યતાનાં દ્વાર ખોલે છે.

## આજીવિકાની ચિંતા

ભારતીય ડેરી ઉત્પાદકો ન્યુઝિલેન્ડ અને ઓસ્ટ્રેલિયાના ડેરી ઉત્પાદકો સાથે સ્પર્ધા કરવા માટે તૈયાર છે? બલકે, તેમની સાથેની સ્પર્ધા જરૂરી પણ છે? કદાચ બંને પ્રશ્નોના જવાબ ભારયુક્ત નકારમાં આપવા પડે એમ છે.

આજના સ્પર્ધાત્મક વિશ્વમાં સ્થાનિક ઉત્પાદન ક્ષમતા કરતાં વધારે ઉત્પાદન નિકાસનો મુખ્ય આધાર છે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીયબજાર, બંનેની દષ્ટિએ ઉત્પાદન ખર્ચ અને ઉત્પાદન કિમત વચ્ચેનો તફાવત જે ઘણી વખત વિવિધ હસ્તક્ષેપ કે અન્ય પ્રકારની ચાલાકીઓથી મુક્ત નથી હોતો પણ દેશની નિકાસ ક્ષમતા નક્કી કરે છે.

જો કે ભારતના ડેરી ઉત્પાદનનો સ્વનિર્ભર સૂચિઆંક ૨૦૧૩માં ૧૦૧ હતો છતાં ભારતમાં ડેરી ઉત્પાદનોનો માથાદીઠ વાર્ષિક વપરાશ વૈશ્વિક ધોરણોની સરખામણીમાં વધારે એવો ઓછો છે. ભારત વિશ્વમાં દૂધ સૌથી મોટું ઉત્પાદક છે એ હકીકત છે છતાં ઓસ્ટ્રેલિયાના ૩૨૮ કિલો, અમેરિકાના ૨૫૯ કિલો, અર્જેન્ટીનાના ૨૧૪ કિલો, અને બ્રાઝીલના ૧૮૦ કિલોના વપરાશની સરખામણીમાં ૨૦૧૩માં ભારતનો ડેરી ઉત્પાદનોનો માથાદીઠ વાર્ષિક વપરાશ ૧૨૩ કિલો નોંધાયો હતો.

ભારત વૈશ્વિક સ્તરે થતા ૨૧માંથી એક પણ ડેરી ઉત્પાદનના વેપારમાં કોઇ સ્પર્ધાત્મક નિકાસ કરતું નથી. જો કે, ભારતીય ડેરી ઉદ્યોગ હાલની સ્થાનિક જરૂરિયાતોની કાળજી લેવા ચોક્કસ સક્ષમ છે. ભારતમાં માથાદીઠ દૂધનો વપરાશ દર વર્ષે સતત ૨ ટકા કરતાં વધુ દરે વધતો હોવા છતાં દૂધ ઉત્પાદન પણ સારું એવું વધતું જતું હોવાને કારણે દેશ પોતાની સ્વનિર્ભરતા જાળવી શક્યો છે.

ઓપરેશન ફ્લડના કારણે આપણે આપણા કરોડો ગરીબ દૂધ ઉત્પાદકો અને સ્થાનિક વપરાશકારોનાં હિતની સારી રીતે રક્ષા કરી શક્યા છીએ પણ એમ છતાં ભારતે હજી વૈશ્વિક વ્યાપારમાં આવતા અણધાર્યા ફેરફારોને કાબુમાં રાખી શકે એવી વ્યાપારી બુદ્ધિ કેળવવાની બાકી છે. આપણે આવનારાં વર્ષોમાં ડેરી ઉદ્યોગ ક્ષેત્રે ભારતને વૈશ્વિક સ્તરે ગણનામાં લેવું પડે એ સ્થિતિએ પહોંચવું હોય તો આયાતની ગુણવત્તાનું નિયંત્રણ કરવા ઉપરાંત સ્થાનિક કક્ષાએ મોટા પાયે સુધારા હાથ ધરવા પડે.

તાજેતરના નીતિ પરિવર્તનની દષ્ટિએ ભારતના ડેરી ઉદ્યોગને આરસીઈપીના કારણે થનારો ભય ન્યૂઝિલેન્ડ અને ઓસ્ટ્રેલિયા તરફથી છે. એ બન્ને જગ્યાએ દૂધ ઉત્પાદનનું ખર્ચ વધતે ઓછે અંશે ભારત જેટલું જ આવે છે. એટલે એનું પરિણામ એ આવશે કે હાલના જકાતદરો ઘટે કે સાવ દૂર થઈ જાય તો એ લોકોનો ભાવ અહીંની સરખામણીએ સ્પર્ધાત્મક રહેશે.

આ દેશોની અત્યાધિક ઉત્પાદનક્ષમતાં જોતાં પોતાના સ્થાનિક ભાવને અસર કર્યા વિના પણ એ લોકો મોટા પાયે નિકાસ કરી શકે એમ છે. બીજી બાજુ, આપણે ત્યાં સ્થાનિક સ્તરે જરૂરી સુધારાઓ ન થઈ જાય ત્યાં સુધી આપણા ડેરી ઉત્પાદનને યોગ્ય પગલાં લઈ સુરક્ષિત કરવામાં આવે એ જરૂરી છે.

દેશભરમાં ફેલાયેલા દૂધ ઉત્પાદક સંઘોને કારણે આપણા વપરાશકારોએ ચૂકવેલા રૂપિયાનો મોટો હિસ્સો સીધો જ દૂધ ઉત્પાદકના હાથમાં જાય છે. આપણા ડેરી ઉદ્યોગનું એ અનન્ય લક્ષણ છે. આ હિસ્સો ૨૦૧૩માં દૂધ ઉત્પાદન કરતા તમામ દેશોમાં સૌથી વધુ, અંદાજે ૭૧% હતો. અન્ય દેશોમાંથી આ હિસ્સો ન્યૂઝિલેન્ડમાં ૩૩%, ઓસ્ટ્રેલિયામાં ૨૫%, ચીનમાં અંદાજે ૩૭%, બ્રાઝિલમાં ૨૯%, અને યુએસએમાં ૪૭% હતો. એક રસપ્રદ સરખામણી પાકિસ્તાન સાથે છે. ત્યાં સ્વનિર્ભરતા સૂચકાંક ૧૦૦ છે પરંતુ માથાદીઠ વાર્ષિક વપરાશ ૨૫૩ કિલો છે. જો કે દૂધ ઉત્પાદકોના હાથમાં ગયેલો આવકનો હિસ્સો ત્યાં ૪૦% રહ્યો છે.

ભારતીય ડેરી ઉદ્યોગનું એક મહત્ત્વનું લક્ષણ એના સૌથી વધુ ગ્રાહકોનું મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારોમાં હોવું એ છે. આ ગ્રાહકો સામાન્ય રીતે આર્થિક રીતે, અને ક્યારેક સામાજિક રીતે પણ, હાંસિયામાં રહેલા વર્ગના છે. આ સ્થિતિ સસ્તી અને સરળ આયાતની નીતિ પર પ્રશ્નાર્થ મૂકે છે. ભારતનો ડેરી ઉદ્યોગ મુખ્યત્વે બે કે ત્રણ દૂધાળાં ઢોર અને થોડીઘણી જમીન ધરાવતા અંદાજે સાડા સાત કરોડ પરિવારોનો આધાર છે. આ પરિવારોને સરળ આર્થિક સહાય અને ડેરી ઉત્પાદનોની સાંકળમાં જોડીને સુરક્ષા નહિ અપાય તો ડેરી ઉદ્યોગને ઉતાવળ કરીને સ્પર્ધાત્મક જગતમાં મૂકી આપવામાં વિનાશજ છે.

આમ પણ ભારતે હાલમાં જ ૨૦૩૦ સુધીમાં સક્ષમ વિકાસ લક્ષ્યો પ્રાપ્ત કરવાના ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા છે એ સ્થિતિમાં ડેરી ઉદ્યોગ એમાં આવતાં ૧૭ લક્ષ્યોમાંથી લગભગ બધાં જ, મુખ્યત્વે ગરીબી, ભૂખ, અને લિંગભેદને ન્યૂન કરવામાં ઘણો અગત્યનો ભાગ ભજવી શકે એમ છે. વૈશ્વિક સ્તરે થતા ડેરી ઉત્પાદનોના સોદામાં આંધળુકિયાં કરીને અને વધુ પડતા ઉત્સાહમાં આવીને આભાસી સસ્તી આયાતો માટે રસ્તા ખોલી દેવાથી ભારતના આ લક્ષ્યો પ્રાપ્ત કરવાની આશા પર પાણી ફરી વળે એમ પણ બને.


વાટાઘાટોનો આગળનો તબક્કો આજે વિએટનામમાં શરૂ થવાનો છે. આરસીઈપીના તમામ સદસ્ય દેશો માટે ભારતનાં ઉત્પાદન ક્ષેત્રો ખોલી દેવાની આ નીતિ પર ફરી વાર વિચાર

થવો ઘટે. આરસીઈપીના એક નાનકડા સંગઠિત જૂથનો લાભ ભારતીય ડેરી ઉદ્યોગના એક ઘણા વિશાળ પરંતુ અસંગઠિત જૂથ માટે ઘણા મોટા નુકસાનનો સોદો બની રહે એમ પણ બને.


વિશેષ કરીને ન્યૂઝિલેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોના ડેરી ઉદ્યોગ સાથે ભારતના ડેરી ઉદ્યોગને સ્પર્ધામાં અચાનક ઉતારી દેવાથી નુકસાન જ જવાનું છે એમની સંખ્યા અત્યંત વિશાળ હશે. આ એવી સ્થિતિ હશે જેની ઉપેક્ષા કરવી આ દેશને કે દેશ ચલાવનારને પોસાય એમ નથી.


(લેખક બિઝનેસ સ્ટડીઝ અને લો, શારદા યુનિવર્સિટીમાં અધ્યાપક છે.)

(Based on Chakrabarti, Milindo (2016), "Trade talks that could milk India dry", The Hindu Business Line, August 14, 2016)






GOI (2015), BASIC ANIMAL HUSBANDRY AND FISHERIES STATISTICS OCTOBER 2015




SOURCE: op cit




બુક પોસ્ટ

પ્રતિ શ્રી

DOI : October - 10, 2016

મોકલનાર:
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર
ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે
(કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર)
એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ,
નંદાલય હવેલીની સામે, પોસ્ટ બોક્સ નંબર ૨૪,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત
ફોન : +૯૧-૨૬૯૨-૨૩૦૧૦૬, ૨૩૦૭૯૯
ફેક્સ : +૯૧-૨૬૯૨-૨૩૩૧૦૬

Lajja : 02692-233864

*Acknowledged the information used/taken from the public domain*